For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ધનતેરસે ૩.200 કરોડનો સોના-ચાંદીનો વેપાર

ત્રણ વર્ષમાં સૌથી વધુ ઘરાકી; સોના-ચાંદીના સિક્કા લગડી અને લાઇટવેઇટ જ્વેલરીની ખરીદીમાં તેજી

લગ્નસરાને પગલે 18 અને 22 કેરેટ જ્વેલરીની પણ સારી ડિમાન્ડ

સુરતઃ ધનતેરસના શુભ મુહૂર્તે સુરતના જ્વેલરી બજારમાં ખરીદીનો માહોલ જામ્યો હતો. સોના-ચાંદીના ભાવમાં તાજેતરમાં આવેલી વધઘટ અને આગામી લગ્નસરાની સિઝનને પગલે આ વર્ષે ધનતેરસે સુરતમાં અંદાજે ૩.200 કરોડનો સોના-ચાંદીનો વેપાર થયો હતો. ખાસ કરીને સોના-ચાંદીના સિક્કા, લગડી, ભગવાનનાં આભૂષણો અને લાઇટવેઇટ જ્વેલરીની ખરીદીમાં નોંધપાત્ર તેજી જોવા મળી હતી. વેપારીઓના મતે, છેલ્લા ત્રણ વર્ષની સરખામણીએ આ વર્ષે ધનતેરસે સૌથી વધુ વેપાર નોંધાયો છે.

અમેરિકાના રાજકીય ઘટનાક્રમ

...અનુસંધાન પાના ૧૧ પર



(તસવીર : સતીષ જાદવ)

લગ્નસરાના ઓર્ડર અને અગાઉથી બુકિંગનો સારો પ્રતિસાદ

આગામી લગ્નસરામાં શુભ મુહૂર્ત ધરાવતા પરિવારો ધનતેરસના દિવસે જ્વેલરી શોરૂમમાં પહોંચ્યા હતા. કેટલાક પરિવારો દ્વારા લગ્નપ્રસંગ માટે નવા ઓર્ડર આપવામાં આવ્યા હતા, જ્યારે અગાઉથી ઓર્ડર આપનારા ગ્રાહકોએ તૈયાર ઘરેણાંની ડિલિવરી પણ મેળવી હતી. મોટા જ્વેલર્સે ઉપલબ્ધ સ્ટોકને ધ્યાનમાં રાખીને અગાઉથી બુકિંગ પણ નોંધાવ્યું હતું, જેથી આગામી લગ્નસરાની માંગને પહોંચી વળવામાં સરળતા રહે.



મધ્યમ વર્ગને લાઇટવેઇટ જ્વેલરી પસંદ પડી



સોનાના ઊંચા ભાવ વચ્ચે મધ્યમવર્ગીય પરિવારોમાં પોતાના બજેટને અનુરૂપ લાઇટવેઇટ જ્વેલરીની માંગ વધુ જોવા મળી હતી. ઓછા વજનમાં આકર્ષક ડિઝાઇન ધરાવતા ઘરેણાં તરફ ગ્રાહકોનો ઝુકાવ રહ્યો હતો. બીજી તરફ લગ્નસરાની સિઝનને ધ્યાનમાં રાખીને 18 અને 22 કેરેટની ગોલ્ડ જ્વેલરીના નવા ઓર્ડર પણ નોંધાયા હતા. સોનાનાં ભારે ઘરેણાંનું બજેટ ન ધરાવતા ગ્રાહકોએ ચાંદીના ઘરેણાં અને ભગવાનનાં આભૂષણોની ખરીદીમાં રસ દાખવ્યો હતો. આ ઉપરાંત લેબગ્રોન ડાયમંડ જડિત સિલ્વર જ્વેલરીને પણ સારો પ્રતિસાદ મળ્યો હતો.

CA ફાઉન્ડેશનમાં સુરતના ૫૮૩ વિદ્યાર્થી સફળ, 3ને AIRમાં સ્થાન

તેજસ મોહતા ઓલ ઇન્ડિયા રેન્કમાં ચોથા ક્રમે, ભવ્ય ઝુનઝુનવાલા પાંચમા અને તુષ્ટિ શાહ ૧૨મા ક્રમે

સુરત કેન્દ્રના 2,804 વિદ્યાર્થીએ પરીક્ષા આપી, 20.79 ટકા સફળ

સુરતઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા (ICAI) દ્વારા સપ્ટેમ્બર-૨૦૨૬માં

...અનુસંધાન પાના ૧૧ પર

સીએ ફાઉન્ડેશનના સુરતના ત્રણ ટોપર્સ

વિદ્યાર્થીનું નામ	AIR	સુરત રેન્ક
તેજસ મોહતા	4	1
ભવ્ય ઝુનઝુનવાલા	5	2
તુષ્ટિ હર્ષદકુમાર શાહ	12	3
હર્ષિત કાસત	14	-



પરીક્ષાની પદ્ધતિ સમજવામાં મળી મદદ

પરીક્ષાની તૈયારી દરમિયાન જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો ઉકેલવા પર વિશેષ ધ્યાન આપ્યું હતું. તેનાથી પરીક્ષાની પદ્ધતિ અને પ્રશ્નોના પ્રકાર સમજવામાં મદદ મળી. સતત પ્રશ્નપત્રો ઉકેલવાથી પ્રશ્નો ઉકેલવાની ઝડપ અને ચોકસાઈમાં સુધારો થયો. મુખ્ય પરીક્ષામાં પણ પ્રશ્નોનું સ્વરૂપ અગાઉથી જાણીતું હોવાથી ઓછા સમયમાં પ્રશ્નો સમજીને ઉકેલવામાં સરળતા રહી હતી.

તેજસ મહેતા-ઓલ ઇન્ડિયા ચોથો ક્રમ

જૂનાં પ્રશ્નપત્રો ઉકેલીને પરીક્ષાની તૈયારી કરી

જૂનાં પ્રશ્નપત્રોને તૈયારીની રણનીતિનો મહત્ત્વનો હિસ્સો બનાવ્યો હતો. સતત પ્રશ્નપત્રો ઉકેલવાથી પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોના પ્રકાર અને મુશ્કેલીના સ્તરનો અંદાજ મળ્યો હતો. નિર્ધારિત સમયમાં પેપર પૂરું કરવાની પણ નિયમિત પ્રેક્ટિસ કરી હતી. તેનો લાભ મુખ્ય પરીક્ષામાં મળ્યો અને પ્રશ્નો ઉકેલવામાં વધુ મુશ્કેલી પડી નહોતી.

ભવ્યા ઝુનઝુનવાલા - ઓલ ઇન્ડિયા પાંચમો ક્રમ



દીપડી અને નોળિયો સામ સામે



નોળિયાનો દીપડી પર હુમલો



(તસવીર : ઈલ્યાસ શેખ)

હુમલાને કારણે દીપડી ઊંધી પડી

વણેસામાં અઢી ફૂટના નોળિયાએ અઢી વર્ષની દીપડીને ધૂળ ચટાડી

ઘટનાનો વિડીયો જોઈને વન્યજીવ પ્રેમીઓ પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા

પલસાણાઃ પલસાણાના વણેસા ગામે વન્યજીવનની એક અત્યંત દુર્લભ અને આશ્ચર્યજનક ઘટના સામે આવી છે. અહીં શિકારની શોધમાં આવેલી અઢી વર્ષની એક દીપડી પર માત્ર અઢી ફૂટનો એક નોળિયો ભારે પડ્યો હતો. ગુજરાતમાં કદાચ પહેલીવાર નોંધાયેલી આ રોમાંચક ઘટના ત્યાં હાજર પર્યાવરણપ્રેમીના કેમેરામાં કેદ થઈ ગઈ છે.

આ ઘટનાનો વિડીયો જોવા QR કોડ સ્કેન કરો

પ્રાપ્ત વિગતો અનુસાર પલસાણાના વણેસા ગામના રહીશ આયુષ હળપતિ સાંજના સમયે ભિમાડાથી અમલસાડી દૂધ આપવા જઈ રહ્યા હતા. દરમિયાન ભિમાડાથી ગોટિયા ફળિયા વચ્ચેની એક પડતર જગ્યામાં તેમને એક દીપડી બેઠેલી જોવા મળી હતી. આ અંગે તેમણે તાત્કાલિક 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટ'ના જતીન રાઠોડને જાણ કરી હતી. માહિતી મળતા જ જતીન રાઠોડ ઘટના સ્થળે પહોંચ્યા હતા અને આસપાસના ગ્રામજનો પણ ત્યાં એકઠા થઈ ગયા હતા. જાણકારોની તપાસમાં સામે આવ્યું હતું કે આ

...અનુસંધાન પાના ૧૧ પર



વાલોડની કોપર સુગરમાં પાણીની ટાંકીઓ તૂટતાં બે કર્મચારીનાં મોત

ટાંકી ધરાશાયી થવાની ઘટનાથી મજૂરોની સુરક્ષા અને મેઇન્ટેનન્સ સામે ગંભીર સવાલો

જેસીબી અને ક્રેનની મદદથી કાટમાળ ખસેડી બે કર્મચારીના મૃતદેહ બહાર કઢાયા

વાલોડઃ વાલોડના દાદરીયા ખાતે આવેલી કોપર સુગર ફેક્ટરીમાં ગુરુવારે સાંજે બે તોતિંગ ટાંકી તૂટી પડતાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ઘટનાને પગલે ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી રેસક્યુ કામગીરી હાથ ધરી હતી. તંત્ર દ્વારા ક્રેન અને JCBની મદદથી યુદ્ધના ધોરણે તૂટી પડેલી પાણીની ટાંકી પાસેથી કાટમાળ ખસેડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ દુર્ઘટનાને લઈને સુગરની મેઈન્ટેનન્સની કામગીરી સહિત સુગર ફેક્ટરીમાં કામ કરતા કામદારોની સુરક્ષાને લઈને અનેક સવાલો ઊભા થયા છે. આ ઘટનામાં બે કર્મચારીનાં મોત નીપજતાં વાલોડ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દાદરિયા

...અનુસંધાન પાના ૧૧ પર

માંડવીના ચાંદપુરમાં ૬ વર્ષની બાળકી પર દીપડાનો હુમલો

બાળકીનો આબાદ બચાવ, ગ્રામજનોમાં ફફડાટ

માંડવીઃ માંડવીના ચાંદપુર ગામના ખલના ફળિયામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સાંજે સાડા છ વાગ્યાના સુમારે રમતી વખતે ૬ વર્ષની રિમ્પલ વસાવા પર અચાનક દીપડાએ હુમલો કર્યો હતો. બાળકી પોતાના ઘર તરફથી મામાના ઘર તરફ ચાલીને જઈ રહી હતી, દરમિયાન રસ્તામાં ઘાત લગાવીને બેઠેલા દીપડાએ તેની પર કૂદકો માર્યો હતો.

જોકે, નસીબજોગ દીપડાના પંજામાંથી બાળકી આગળ નીકળી જતાં તેનો આબાદ બચાવ થયો હતો, પરંતુ દીપડાના નખ બાળકીના ખભા અને કેડના ભાગે વાગ્યા હતા. બાળકીએ બૂમાબૂમ કરતાં આજુબાજુના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા, જેથી દીપડો ત્યાંથી ભાગી ગયો હતો. ઘટના બાદ આખું ગામ ભેગું થઈ ગયું હતું અને



(તસવીર : હિતેશ પટેલ)

દીપડાને ખદેડવા માટે ભારે પ્રયાસો કર્યા હતા. પરંતુ દીપડો ફરીથી તે જ જગ્યા પર પાછો આંટો મારીને આવી પહોંચ્યો હતો. દીપડાની આ હરકત અને નિર્ભયતા જોઈ ચાંદપુર તેમજ આજુબાજુનાં ગામોમાં ભારે ભયનો માહોલ ફેલાઈ ગયો છે. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી ગ્રામજનો દ્વારા વન વિભાગનો સંપર્ક કરવામાં આવ્યો હતો. વન વિભાગની ટીમ દ્વારા તાત્કાલિક રાત્રિના જ સમયમાં દીપડાને ઝડપી પાડવા માટે સ્થળ પર પાંજરું ગોઠવી દીપડાને પાંજરે પૂરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

ચાર સદી જૂની પરંપરા પ્રમાણે દર્શન માટે ભક્તોની ભીડ જામશે

આજે કાળી ચૌદશે સૈયદપુરામાં ભક્તો અંધારામાં મહાકાળી માતાનાં દર્શન કરશે

મનોહર બાવાના ટેકરા ખાતેના આ મંદિરમાં દર વર્ષે કાળી ચૌદશે રાત્રે લાઇટ્સ બંધ કરી દેવામાં આવે છે

સુરતઃ સુરતના ઐતિહાસિક સૈયદપુરા વિસ્તારમાં આવેલા શ્રી મહાકાળી માતાજી મંદિરનો ઇતિહાસ અતિ પ્રાચીન, રસપ્રદ અને શ્રદ્ધાથી ભરેલો છે. મનોહર બાવાના ટેકરા તરીકે ઓળખાતા આ વિસ્તારમાં આવેલું આ મંદિર અંદાજે 400 વર્ષ જૂનું છે અને સુરતના પ્રાચીન ધાર્મિક સ્થાનોમાં તેનું વિશેષ સ્થાન છે. કાળી ચૌદશના પાવન અવસરે આ

...અનુસંધાન પાના ૧૧ પર

સ્વપ્નમાંથી પ્રેરણા લઈ થઈ હતી સ્થાપના



સ્થાનિક લોકવાયકા મુજબ, મહાકાળી માતાજીના પરમ ઉપાસક મનોહર બાવા હંમેશા માતાજીની ભક્તિમાં લીન રહેતા હતા. એક રાત્રે માતાજીએ તેમને સ્વપ્નમાં દર્શન આપી સૈયદપુરા વિસ્તારમાં પોતાની મૂર્તિની સ્થાપના કરવાનો આદેશ આપ્યો હતો. આ દિવ્ય સંકેત મળ્યા બાદ મનોહર બાવાએ અરદેશજી કોટવાલની વાડી સામે એક નાનું સ્થાનક બનાવીને માતાજીની સ્થાપના કરી હતી. સમય જતાં આ નાનું સ્થાનક આસપાસના લોકોની ગાઢ આસ્થાનું મોટું કેન્દ્ર બન્યું અને ભક્તોના સહયોગથી મંદિરનો ભવ્ય જીર્ણોદ્ધાર પણ કરવામાં આવ્યો.

જંગલી બીજ ખાવાથી 9 બાળકને ઝેરની અસર

કપરાડા તાલુકાના વાવર ગામના ચિપપાડા ફળિયામાં આઘાતજનક ઘટના બની

સમયસરની સારવારથી બાળકોનો બચાવ, 4 બાળકને ધરમપુરની હોસ્પિટલ રીફર કરવામાં આવ્યાં

વલસાડ : વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના વાવર ગામના ચિપપાડા ફળિયામાં એક આઘાતજનક ઘટના બની છે, જ્યાં નવ બાળકોએ જંગલી ઝાડના ઝેરી બીજ ખાઈ લેતા તેમને ગંભીર અસરો થઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ બાળકો ખાડીમાં નાહવા ગયા હતા

હોસ્પિટલમાં સારવાર હેઠળનાં બાળકો

દિવ્યા અશોક ભોયા (ઉમર વર્ષ 8), રાજેશ સંદેશ ભોંયા (ઉમર વર્ષ 11), આરતી અશોક ભોયા (ઉમર વર્ષ 12), ઇન્દુ અશોક ભોયા (ઉમર વર્ષ 8), પંકજ ધીરુ ભોયા (ઉમર વર્ષ 8), કલ્પેશ ધીરુ ભોયા (ઉમર વર્ષ 12), શિવુ મહેશ ભોયા (ઉમર વર્ષ 8), પૂનમ ધીરુ ભોયા (ઉમર વર્ષ 7), પ્રિયંકા મહેશ ભોયા (ઉમર વર્ષ 8)

અને પરત ફરતી વખતે રસ્તામાં આવેલા 'ચંદરજોત' નામના જંગલી ઝાડનાં બીજ ખાઈ લીધાં હતાં. થોડીવારમાં જ બાળકોને નશો ચઢવા લાગ્યો, ઊલટીઓ થવા લાગી અને કેટલાક બાળકો બેભાન થઈ ગયા. આસપાસના વિસ્તારમાં ભારે

...અનુસંધાન પાના ૧૧ પર

કાળી ચૌદશે થતાં મેલી વિદ્યાના પ્રયોગથી બચવા માટે આખા મીઠાંનો ઉપયોગ

કાળી ચૌદશે આખા મીઠાંના સાંથિયા પૂરવાની પરંપરા આજે પણ યથાવત

ઘરમાં જેટલા પુરુષ હોય તેટલા આખા મીઠાંના સાંથિયા આંગણામાં દોરવામાં આવે છે

લોકમાન્યતા પ્રમાણે મીઠું નકારાત્મક ઊર્જાને શોષી લે છે

સુરત : દરેક તહેવાર પાછળ વર્ષો પહેલા શરુ થયેલી પરંપરા આજે પણ યથાવત રહેવા પામી છે. તેનું કારણ શુભ હોય કે અશુભ પણ તે આજે પણ જીવંત રહી છે. આવી જ કાળી ચૌદસની એક પરંપરા છે જેમાં ઘરની બહાર આખા મીઠાંના સાથિયા પૂરવામાં

...અનુસંધાન પાના ૧૧ પર



મહિધરપુરાની દરેક શેરીમાં આજે મીઠાંના સાંથિયા થશે



મહિધરપુરા નાગરશેરીમાં રહેતાં માયાબેન રાજાવાજાના જણાવ્યા અનુસાર મહિધરપુરામાં ભૂતશેરી,

...અનુસંધાન પાના ૧૧ પર

શ્રોફ પરિવારની પુત્રવધૂ ઓસ્ટ્રેલિયામાં પણ મીઠાંના સાંથિયા પૂરે છે



ગુજરાતમાં તો આ પરંપરા છે જ પરંતુ વિદેશમાં પણ ત્યાં સ્થાયી થયેલા પરિવારોમાં આ પરંપરા જોવા મળે છે. આ પરંપરા અંગે ગીતા શ્રોફે જણાવ્યું હતું કે, તેમણે તેમની નાની પાસેથી આખા મીઠાંના સાંથિયાની પરંપરા અંગે સાંભળ્યું હતું. એટલે 130 કે 140 વર્ષથી તો આ પરંપરા તો ચાલી જ આવી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, તેમની પુત્રવધુ પીંકુર

...અનુસંધાન પાના ૧૧ પર

આજે કાળી ચૌદશે ચાર રસ્તા પર મૂકશે જૂની વસ્તુઓ અને ભોજન

ઘરની જૂની સાવરણી, પાણીનું માટલું અને વિવિધ વાનગીઓ ચાર રસ્તા પર મૂકી નકારાત્મકતા દૂર કરવાની પરંપરા નિભાવશે, કેટલાક લોકો સ્મશાનમાં પણ કરશે તંત્ર વિધિ

સુરતઃ દિવાળીના પર્વમાં કાળી ચૌદસનું વિશેષ ધાર્મિક અને પરંપરાગત મહત્ત્વ છે. આ દિવસે શહેરના અનેક પરિવારો વર્ષોથી ચાલી આવતી પરંપરાઓનું પાલન કરશે. કાળી ચૌદસના દિવસે ઘરની જૂની સાવરણી, પાણીનું માટલું તેમજ વિવિધ પ્રકારની વાનગીઓ તૈયાર કરીને ઘરની બહાર આવેલા ચાર રસ્તા અથવા ચકલા પાસે મૂકવાની પરંપરા છે. માન્યતા મુજબ આ વિધિ દ્વારા ઘરમાંથી નકારાત્મકતા અને અશુભ તત્ત્વો દૂર થાય છે તથા પરિવારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનું આગમન થાય છે.

સુરત શહેરના કેટલાક વિસ્તારોમાં લોકો ઘરમાં વપરાતી જૂની સાવરણી, પાણીનું માટલું અને ભોજનની થાળી તૈયાર કરી ચાર રસ્તા પર મૂકે છે. જ્યારે કેટલાક પરિવારો જૂનાં કપડાં, ચપ્પલ સહિતની વપરાશમાં ન હોય તેવી વસ્તુઓ પણ ઘરની બહાર આવેલા ચકલા પાસે મૂકી પરંપરાનું પાલન કરે છે. આ વિધિને વર્ષોથી ચાલી આવતી લોકમાન્યતા આસ્થા સાથે જોડવામાં આવે છે. ઉપરાંત કાળી ચૌદસના દિવસે કેટલાક લોકો સ્મશાનમાં જઈને વિધિઓ અને પૂજા કરે છે. ખાસ કરીને તંત્ર વિધિ અને પિતૃઓ સાથે જોડાયેલી માન્યતાઓને કારણે આ દિવસનું અલગ મહત્ત્વ જોવા મળે છે. શહેરમાં એક તરફ દિવાળીની

...અનુસંધાન પાના ૧૧ પર

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

અવસાન,બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીકસ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ 3000/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



સ્વ. ભરતકુમાર
નગીનદાસ ગાંધી (વાવવાળા)
જન્મ તા.: ૧૨-૭-૧૯૪૯
સ્વ.તા.: ૦૭-૧૧-૨૦૨૧
પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં, તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં, સદાય તમે નથી એ સચ્ચાઈ છે, પણ અસ્તિત્વમાં તમે છો અને હંમેશા રહેશો, એ વિશ્વાસ છે
ૐ શાંતિ...ૐ શાંતિ... ૐ શાંતિ...
લિ. નિલાંજલિ ગ્રુપ



સ્વ. કશીશ (કુશ)
હર્ષદભાઈ પટેલ
સ્વ.તા: ૦૭/૧૧/૨૦૨૪
બીજી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
ભરબપોરે સૂરજ ઢળી ગયો, તેજસ્વી તારલો ખરી પડ્યો, ચારે દિશામાં સૂનકાર છવાઈ ગયો. સૌના હૈયાને કંપાવી ગયો. તારો સદાય હસતો ચહેરો, મધુર વાણી, નિઃસ્વાર્થ સ્વભાવ, સાગર સમો પ્રેમભાવ હંમેશા હૈયે રહેશે. પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
હર્ષદભાઈ ફકીરભાઈ પટેલ
ઉર્વશીબેન (સુનીબેન) હર્ષદભાઈ પટેલ
સૌરભ હર્ષદભાઈ પટેલ
ફકીરભાઈ ડાહ્યાભાઈ પટેલ પરીવાર
સ્થળ: અઠવા, અંબિકા નિકેતન, પારલે પોઇન્ટ, સુરત.



પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ
સ્વ. પ્રાણજીવનભાઈ મુળજીભાઈ પટેલ
જન્મ તા. ૦૧/૦૭/૧૯૫૨
સ્વ.તા. ૭/૧૧/૨૦૨૫
સંવત ૨૦૮૨ કારતક વદ બીજ
સમય તો પોતાની ગતિએ આગળ વધતો રહ્યો, પરંતુ આપની યાદો આજે પણ અમારા હૃદયમાં એવી જ જીવંત છે. આપની ખોટ કયારેય પૂરી થઈ શકે તેમ નથી. આપનો પ્રેમ, આપના સંસ્કારો અને આપની શીખ હંમેશા અમને જીવનમાં માર્ગદર્શન આપતા રહેશે. આપ સદાય અમારી સ્મૃતિમાં અમર રહેશો.
સ્વ. મુળજીભાઈ છીમકાભાઈ પટેલ
સ્વ. સોમીબેન મુળજીભાઈ પટેલ
ગં.સ્વ. લીલાબેન પ્રાણજીવનભાઈ પટેલ
ગણપતભાઈ મુળજીભાઈ પટેલ | ગુલબીબેન ગણપતભાઈ પટેલ
શાંતિભાઈ મુળજીભાઈ પટેલ | મધુબેન શાંતિભાઈ પટેલ
ઘનસુખભાઈ મુળજીભાઈ પટેલ | જયાબેન ઘનસુખભાઈ પટેલ
મનોજભાઈ શાંતિભાઈ પટેલ | સેજલબેન મનોજભાઈ પટેલ
નરેશભાઈ ગણપતભાઈ પટેલ | નિમીષાબેન નરેશભાઈ પટેલ
અશ્વિનભાઈ પ્રાણજીવનભાઈ પટેલ | પૂજાબેન અશ્વિનભાઈ પટેલ
જેનિશભાઈ પ્રાણજીવનભાઈ પટેલ | નેન્સીબેન જેનિશભાઈ પટેલ
પિયુષભાઈ ઘનસુખભાઈ પટેલ | પ્રિયલબેન પિયુષભાઈ પટેલ
લિ.
સ્વ. જીતેન્દ્રભાઈ ગણપતભાઈ પટેલ
જીમી, મીત, મેઘ, મૌલી, ધિવાન, હિયાન, સાન્વી, આદ્યા.
સમસ્ત સોમીબા પરિવાર..
નિવાસ સ્થાન : અંબાજી માતાના મંદિરની સામે, ભીમરાડ ગામ, સુરત.